BAOU Education for All
Dr. Babasaheb Ambedkar Open University
(Established by Government of Gujarat)
NAAC ACCREDITED A++ GRADE 3.55/4
BAOU CATEGORY UNIVERSITY 1 GRADED AUTONOMY UGC

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ
અબતક
સાંધ્ય દૈનિક

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વલ્લભવિદ્યાનગરમાં મહિલા સતામણી નિવારણ કાર્યક્રમ યોજાયો

અબતક રાજકોટ

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગર સંચાલિત જેન્ડર રિસોર્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે ૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વલ્લભવિદ્યાનગર સ્થિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ ખાતે 'કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી (અટકાવ, પ્રતિબંધ અને નિવારણ) અધિનિયમ, ૨૦૧૩' વિષય પર એક દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. સહભાગીઓના પૂર્વજ્ઞાનની ચકાસણી અર્થે યોજાયેલી પૂર્વ-કસોટીથી કાર્યક્રમનો આરંભ થયો હતો. ઉપસ્થિત મહાનુભાવોએ મહિલાઓ માટે સન્માનજનક, સુરક્ષિત અને સંવેદનશીલ વાતાવરણ નિર્માણ કરવાની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો.



કામકાજના સ્થળે મહિલાઓની સુરક્ષા, જાતીય સતામણી કાયદા અને કાનૂની અધિકારો અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું

કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અમી ઉપાધ્યાયે અધ્યક્ષીય ઉદ્‌બોધન કરતા યુવાપેઢીને આત્મગૌરવ સાથે ઉત્તરદાયી નાગરિક તરીકે તૈયાર થવા અનુરોધ કર્યો હતો. મુખ્ય અતિથિપદેથી ધર્માદા કમિશનર ડો. યોજિની સિમ્મીએ યુવાનોને કાયદાકીય જોગવાઈઓ અને સામાજિક જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ચરોતર વિદ્યામંડળના મંત્રી ડો. એસ. જી. પટેલે પણ આશીર્વચન પાઠવ્યા હતા. તાલીમ સત્રોમાં નિષ્ણાતો દ્વારા લિંગભેદ નિર્મૂલન, કાયદાકીય કલમો, મહિલાઓના કાનૂની અધિકારો અને ન્યાયિક પ્રક્રિયા અંગે સઘન માહિતી આપવામાં આવી હતી. આ સાથે મહિલાઓ માટે સ્વાસ્થ્ય અને પોષણના મહત્વ વિશે પણ માર્ગદર્શન અપાયું હતું.

સત્રના સમાપને તાલીમાર્થીઓ માટે ઉત્તર-કસોટી યોજવામાં આવી હતી. આ આયોજનને સફળ બનાવવામાં જેન્ડર રિસોર્સ સેન્ટરના શ્રીમતી શૈલેન્દ્રબેન ઝાલા, પ્રો. પ્રિયાંકી વ્યાસ, ડા. નિશા જોષી, ડો. સોનલ ચૌધરી તેમજ કેન્દ્ર સંયોજક ડો. બી. એમ. પરમાર અને સહસંયોજક શ્રી મહેશ પરમાર સહિતના સહયોગીઓએ સક્રિય યોગદાન આપ્યું હતું. આભારવિધિ સાથે આ તાલીમ શિબિર સુચારૂ રીતે સંપન્ન થઈ હતી.

Rajkot Edition
10 Sep, 2026 Page No.15